ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ભૂપેન્દ્રભાઈ પટેલ મંત્રીમંડળના સભ્યોનો શપથવિધિ




રાજ્યમંત્રી મંડળનો શપથવિધિ - ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારના શપથવિધિ સમારોહમાં મુખ્યમંત્રી બાદ કેબિનેટ મંત્રીઓ તરીકે સર્વશ્રી કનુભાઈ કેસાઈ ઋષિકેશ પટેલ, રાઘવજીભાઈ પટેલ, બળવંતસિંહ રાજપૂત, કુંવરજીભાઈ બાવળિયા, મુળુભાઈ બેરા, કુબેરભાઈ ડિંડોર, શ્રીમતી ભાનુબેન બાબરીયા તથા રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા સર્વશ્રી હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા (પંચાલ)એ શપથ લીધા હતા. જ્યારે રાજ્યકક્ષાના મંત્રી તરીકે સર્વશ્રી પરષોત્તમ સોલંકી, બચુભાઈ ખાબડ, મુકેશભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ પાનસેરીયા, ભીખુસિંહ પરમાર અને કુંવરજીભાઈ હળપતિએ હોદ્દા અને ગુપ્તતાના શપત લીધા હતા.

## મુખ્યમંત્રી મંત્રીમંડળમાં સૌથી વધુ કાર્યભાર સંભાળશે

### માર્ગ મકાન અને પાટનગર યોજનાનો હવાલો ધરાવતા બીજા મુખ્યમંત્રી બન્યા

ગાંધીનગર, તા. ૧૨

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સૌથી વધુ કાર્યભાર તેમના નવા મંત્રીમંડળમાં સંભાળશે.

આજે સાંજે મળેલ કેબિનેટ બેઠક બાદ કરાયેલ ખાતાઓની ફાળવણી જોતાં મુખ્યમંત્રીએ મહેસુલ, શહેરી વિકાસ, માર્ગ-મકાન, પાટનગર યોજના, પંચાયત યાત્રાધામ વિકાસ, નર્મદા સહિતના મહત્વના ખાતાઓ તેમની પાસે રાખ્યા છે.

કેબિનેટ મંત્રીઓને પણ કાર્યભારણ એટલુ જ આપવામાં આવ્યુ છે. મંત્રીમંડળમાં બે નંબરનું સ્થાન કનુભાઈ દેસાઈને આપવામાં આવ્યુ છે. તેમની પાસે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ જેવા મહત્વના ખાતાઓનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. પંચાયત વિભાગની જવાબદારી રાજયકક્ષામાં બચુભાઈ ખાબડને સોંપવામાં આવી છે. નવા મંત્રીમંડળમાં મંત્રીઓને જે કાર્યબોજ સોંપવામાં આવ્યો છે તે પછી પાટનગરના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા જાગી છે કે થોડા સમય બાદ મંત્રીમંડળમાં વિસ્તાર કરાશે. જો કે ઘણા બધા આ શક્યતાઓને નકારી રહ્યા છે. માર્ગ મકાન અને પાટનગર યોજનાનો હવાલો પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પછી ભૂપેન્દ્રભાઈ પટેલ બીજા મુખ્યમંત્રી છે જેમણે આ વિભાગો સંભાળ્યા છે. મુખ્યમંત્રીએ શહેરી વિકાસ મહેસુલ વિભાગ પણ પોતાની હસ્તક રાખેલ છે. રાજયકક્ષાના આ વિભાગોનો હવાલો કોઈને સોંપવામાં આવેલ નથી.

## ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળના મંત્રીઓની સરેરાશ વય ૫૭ વર્ષ

### મંત્રીમંડળમાં ૩ ઈજનેર, ૧ પી.એચ.ડી., ૨ એલ.એલ.બી., ૨ ધો. ૧૨ પાસ, ૩ મંત્રી ધો. ૧૦ પાસ અને ૧ મંત્રી ધો. ૮ પાસ

ગાંધીનગર, તા. ૧૨

રાજયના ૧૮મા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્રભાઈ પટેલે બીજીવાર આ પદભાર સંભાળ્યો છે. ૧૭ સભ્યોનું તેમનુ નવુ મંત્રીમંડળ રચવામાં આવ્યુ છે. પ્રધાનમંત્રી મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં મંત્રીમંડળની શપથવિધિ સંપન્ન થઈ હતી.

૮ કેબિનેટ, ૨ રાજ્યકક્ષા (સ્વતંત્ર હવાલો) અને ૬ રાજ્યકક્ષાના મંત્રીઓએ આજે ભગવદ્ ગીતા સાથે ઈશ્વરના નામે ગુજરાતી ભાષામાં શપથ લીધા હતા.

ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળની સરેરાશ વય ૫૭ વર્ષ છે. ૮ મંત્રીઓ ૬૦ થી વધુ વય ધરાવે છે જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વય ૬૦ છે. જ્યારે સૌથી વધુ વય નાણાંમંત્રી કનુભાઈ દેસાઈની છે. જેમની વય ૭૧ વર્ષ છે. આ ઉપરાંત ઋષિકેશ પટેલ, રાઘવજી પટેલ, બળવંતસિંહ રાજપૂત, કુંવરજી બાવળિયા, ભીખુસિંહ પરમાર, બચુભાઈ ખાબડ, પુરૂષોત્તમ સોલંકીની વય ૬૦થી વધુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## શપથવિધિની સાથે સાથે...

- ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આજે રાજ્ય મંત્રીમંડળનો શપથવિધિ સમારોહ એ ગાંધીનગરનું સૌથી મોટુ નજરાણુ હતુ.
- બીજીવાર મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર પટેલ સરકારમાં આજે ૧૬ સભ્યોએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા.
- બધાજ મંત્રીઓએ ગુજરાતીમાં શપથ લીધા હતા.
- મંત્રીમંડળના શપથવિધિ સમારોહમાં હાજરી આપવા આવનારા આમંત્રિતોના વાહન-પાર્કિંગ માટે રામકથા મેદાન પાસે ખાસ પાર્કિંગની વ્યવસ્થા તમામ સુવિધાઓ સાથે કરાઈ હતી.
- મંત્રીમંડળની શપથવિધિને લઈ સચિવાલય સંકુલને ફરતે ભાજપના ધ્વજ તેમજ ''અભિનંદન ગુજરાત'' ''પ્રધાનમંત્રીનું સ્વાગત છે.'' જેવા હોર્ડિંગ્સ લગાવાયા હતા.
- શપથવિધિ સમારોહ બાદ ઉપસ્થિત જનમેદનીનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નમન કરી જન અભિવાદન કર્યુ હતુ.
- આજે મંત્રીમંડળમાં એક જ મહિલાનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આજે મંત્રીમંડળમાં ૮ કેબિનેટ, ૨ રાજ્યકક્ષાના સ્વતંત્ર પ્રભાર તેમજ ૬ રાજ્યમંત્રી તરીકે મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- મંત્રીમંડળમાં ૧૨ જિલ્લાઓને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યુ છે.
- જૂના મંત્રીમંડળના ૧૧ મંત્રીઓને નવા મંત્રીમંડળમાં સ્થાન નથી મળ્યુ જેમાં જીતુ વાઘાણી, પૂર્ણેશ મોદી, કીરીટસિંહ રાણા, અર્જુનસિંહ ચૌહાણ, જીતુભાઈ ચૌધરી, મનીષા વકીલ, નિમિષા સુથાર, રાજેન્દ્રસિંહ પરમાર, વિનુભાઈ મોરડિયા, દેવાભાઈ માલમ, નરેશ પટેલો સમાવેશ થાય છે.
- નવા મંત્રીમંડળમાં ૪ મધ્ય ગુજરાત, ૫ દક્ષિણ ગુજરાત, ૫ સૌરાટ્ર અને મુખ્યમંત્રી સહિત ૩ મંત્રીઓ ઉત્તર ગુજરાતના છે.
- નવા મંત્રીમંડળમાં ૪ પાટીદાર અને ૩ કોળી, ૧ જૈન, ૧ એસ.સી., ૨ એસ.ટી., ૨ ક્ષત્રિય, ૧ બ્રાહ્મણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# શપથવિધિમાં મહાનુભાવોનો મહાસાગર છલકાયો

### હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ શપથવિધિ સમારોહમાં ૧૧ રાજ્યોના મુખ્યમંત્રીઓ, ૮ નાયબ મુખ્યમંત્રીઓ અને ૧૪ કેન્દ્રિય મંત્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા : જે.પી. નડ્ડાની ખાસ ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૧૨

ભૂપેન્દ્રભાઈ પટેલની ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તાજપોશી થતાં જ ગુજરાતે સાતત્યપૂર્ણ વિકાસની દિશામાં વધુ મજબૂત કદમ માંડ્યા છે. ઐતિહાસિક જીત બાદ હેલીપેડ મેદાન ખાતે યોજાયેલ શપથગ્રહણ સમારોહમાં જાણે મહાનુભાવોનો મહાસાગર છલકાયો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ કેન્દ્રિય મંત્રીઓ, વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓએ ખાસ ઉપસ્થિત રહી સમારોહને ચાર ચાંદ લગાવી દીધા હતા.

શપથવિધિ સમારોહમાં કેન્દ્રિય મંત્રી પરિષદના મંત્રીઓ, અમિતભાઈ શાહ, રાજનાથસિંહ, સર્બાનંદ સોનોવાલ, પુષ્પતી કુમાર પારસ, મનસુખ માંડવીયા, ભૂપેન્દ્ર



યાદવ, પુરુષોત્તમ રૂપાલા, મહેન્દ્રનાથ પાંડે, ફગ્ગનસિંહ કુલસ્તે, દર્શનાબહેન જરદોશ, દેવુસિંહ ચૌહાણ, ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, રામદાસ આઠવલે, અનુપ્રિયા પટેલ વગેરેની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉત્તરપ્રદેશના યોગી આદિત્યનાથ, મધ્યપ્રદેશના શિવરાજસિંહ ચૌહાણ, અરૂણાચલ પ્રદેશના પ્રેમા ખાંડૂ, ઉત્તરાખંડના પુષ્કરસિંહ ધામી, હરિયાણાના મનોહરલાલ ખટ્ટર, ગોવાના પ્રમોદ સાવંત, કર્ણાટકના બસવરાજ બોમ્મઈ, ત્રિપુરાના માણિક સહા, મણિપુરના એન. બિરેનસિંહ અને આસામના મુખ્યમંત્રી ડૉ. હિંમતા બિસ્વા શર્મા આ શપથવિધિ સમારોહના સાક્ષી બન્યા હતા.

એન.ડી.એ. સમર્થિત પક્ષોની રાજ્ય સરકારોના મુખ્યમંત્રીઓમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાદ શિંદે સહિતના મુખ્યમંત્રીઓ આ અવસરે સહભાગી થયા હતા.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય, ત્રિપુરાના નાયબ મુખ્યમંત્રી જિષ્ણુ દેવ વર્મા, નાગાલેન્ડના નાયબ મુખ્યમંત્રી યાનથુંગો પૈટન, અરૂણાચલપ્રદેશના નાયબ મુખ્યમંત્રી ચોવના મેન અને હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલા વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના ભાજપાના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટિલ, ગુજરાત સરકારના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ, પૂર્વમંત્રી વજુભાઈ વાળા, પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ અને અગ્રણી સુરેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આજના શપથવિધિ સમારોહમાં કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યૈદિપુરપ્પા ઉપરાંત ભાજપ શાષિત અન્ય રાજ્યોના મંત્રીઓમાં આસામના કેશવ મહંત, કર્ણાટકના બી.સી. નગેશ, બયારતી બસવરાજની પણ ઉપસ્થિતિ રહી હતી.

આ ઉપરાંત ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિના સભ્ય ઓમ માથુર, નેશનલ જનરલ સેક્રેટરીઝમાં બી.એલ. સંતોષ, દુષ્યંતકુમાર

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૬,૧૪,૦૪૫ મતદારોએ એપિક કાર્ડ રજુ કર્યુ

### ૨,૪૫,૩૫૩ એ અન્ય પુરાવાથી મતદાન કર્યુ : ૨,૪૫,૩૫૩ મતદારોએ ઓળખ માટે આધાર કાર્ડ રજુ કરી લોકશાહીનો અવસર ઉજવ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ૬,૧૪,૦૪૫ મતદારોએ એપિક કાર્ડથી મતદાન કરી લોકશાહી પર્વના અવસરની ઉજવણી કરી હતી.

જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૩,૨૬,૮૩૮ જે પૈકી ૮,૮૭,૫૮૮ મતદારોએ મતદાન કર્યુ હતુ. જિલ્લામાં ૪,૭૭,૧૪૧ પુરૂષ મતદારો અને ૪,૧૦,૪૩૫ મહિલા તેમજ ૧૨ અન્ય જાતિના મતદારોએ મતદાન કર્યુ હતુ.

જિલ્લામાં એપિક કાર્ડથી દહેગામમાં ૮૨,૪૧૩ મતદારોએ, ગાંધીનગર (દ) માં ૧,૮૦,૮૦૦ મતદારોએ, ગાંધીનગર (ઉ)માં ૧,૨૧,૭૩૪ મતદારોએ, માણસામાં ૧,૧૪,૭૨૨ મતદારોએ જયારે કલોલમાં ૧,૧૪,૩૭૬ મતદારોએ મતદાન કર્યુ હતુ.

જિલ્લામાં ૨,૭૩,૫૪૩ મતદારોએ ઓળખ માટેના અન્ય પુરાવાઓ રજુ કરી મતદાન કરી લોકશાહી પર્વના અવસરની ઉજવણી કરી હતી.

જેમાં આધારકાર્ડ સાથે ૨,૪૫,૩૫૩ મતદારોએ, ૧૭૫૬ મતદારોએ મનરેગા કાર્ડથી, ૧૫૦ ફોટાવાળી પાસબુકની, ૩૨૪ એ હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી, ૧૭૦૭૦એ ડ્રાયવીંગ લાયસન્સ, ૮૨૮૪ મતદારોએ પાનકાર્ડ, ૧૯૬ એ પાસપોર્ટ, ૩૭ મતદારોએ પેન્શન ડોક્યુમેન્ટ, ૨૩૨ નોકરીના ઓળખપત્રો સાથે તો ૧૩૩ મતદારોએ યુનિક ડીસએબેલીટી કાર્ડ અને સામાજિક ન્યાય અધિકારીતાના કાર્ડની મદદથી મતદાન કર્યુ હતુ.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે પાંચમી ડિસેમ્બરે મતદાન યોજાયુ હતુ.

આધારકાર્ડની મદદથી દહેગામમાં ૬૭,૨૪૯ મતદારોએ, ગાંધીનગર (દ) બેઠક પર ૫૮,૩૦૦ મતદારોએ, ગાંધીનગર (ઉ) બેઠક પર ૨૯,૪૬૨ મતદારોએ, માણસા બેઠક પર ૩૪,૭૫૬ મતદારોએ અને કલોલમાં ૫૫,૫૮૬ મતદારોએ મતદાન કર્યુ હતુ.

જિલ્લામાં મનરેગાના કાર્ડ રજુ કરી ૧૬૨૨ મતદારોએ મતદાન કર્યુહતુ. દહેગામમાં ૬૯, ગાંધીનગર (દ)માં ૪૮, ગાંધીનગર (ઉ) માં ૧૬૨૨ મતદારોએ મતદાન કર્યુ હતુ.

હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટકાર્ડની મદદથી ગાંધીનગર (દ)માં ૧૯૮, દહેગામમાં ૫૪, ગાંધીનગર(ઉ)માં ૨૦ અને કલોલમાં ૫૨ મતદારોએ મતદાન કર્યુ હતુ.

ડ્રાયવીંગ લાયસન્સ રજુ કરી દહેગામમાં ૧૨૨૯, ગાંધીનગર (દ)માં ૨૭૭૮, ગાંધીનગર (ઉ)માં ૧૭૧૭, માણસામાં ૯૯૬૮ અને કલોલમાં ૧૩૭૮ મતદારોએ મતદાન કર્યુ હતુ.

પાનકાર્ડ પુરાવા તરીકે રજુ કરી માણસામાં ૫૦૨૧, ગાંધીનગર (દ)માં ૧૦૫૯, ગાંધીનગર (ઉ)માં ૯૦૧, કલોલમાં ૭૪૮ અને દહેગામમાં ૫૫૫ મતદારોએ મતદાન કર્યુ હતુ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## શહેરમાં ઠંડી અચાનક જ અદ્રશ્ય લઘુત્તમ તાપમાન ૧૭.૩ ડીગ્રી

### છેલ્લા ચાર દિવસમાં ઠંડીમાં ૭ ડીગ્રીનો ઘટાડો : મહત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉંચકાતા નગરજનોએ દિવસે ઉનાળા જેવી ગરમી અનુભવી : હવામાન નિષ્ણાંતોના જણાંવ્યા મુજબ હવે નજીકના દિવસોમાં હવે ઠંડી આક્રમક બનશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં ઠંડી ગરમીના પારામાં સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. ગત સપ્તાહ દરમિયાન વાદળિયા વાતાવરણના અંતે અચાનક જ ઠંડીનુ જોર વધ્યુ હતુ જયારે સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી પણ નોધાઈ હતી જયારે આજે ઠંડીમાં ૪ ડીગ્રીના ઘટાડા સાથે લઘુત્તમ તાપમાન ૧૭.૩ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ મહત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉંચકાતા દિવસ દરમિયાન નગરજનોએ ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી હતી છેલ્લા ચાર દિવસમાં જ લઘુત્તમ તાપમાનમાં સાત ડીગ્રીની ચઢ ઉતર જોવા મળી છે. શિયાળાની મોસમમાં રોજબરોજ બદલાતા ઠંડીના મિજાજ વચ્ચે આગામી દિવસોમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં ગત સપ્તાહ દરમિયાન સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૦. ૩ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયુ હતુ. જયારે છેલ્લા બે દિવસથી ઠંડીનુ પ્રમાણ સતત ઘટી રહ્યુ છે. બીજીતરફ મહત્તમ તાપમાન પણ ઉંચકાઈ રહ્યુ છે. છેલ્લા ચાર દિવસમાં મહત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉપર આવ્યુ છે. આજે વાતાવરણમાં આશ્ચર્યજનક બદલાવ જોવા મળ્યો હતો. અચાનક જ ઠંડીનુ પ્રમાણ ૪ ડીગ્રી ઘટી ગયુ હતુ. ગઈકાલે લઘુત્તમ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com